# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૮ તા.૨૩-૦૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ફેબ્રુઆરી માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામાયિક કસોટીના આયોજનમાં ફેરફાર બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૧/૫૩૧૯-૨૧ તા.૨૨-૦૨-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, કોવીડ-૧૯ સમય દરમ્યાન હોમલર્નિંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ,ઓગષ્ટ,સપ્ટેમ્બર,ઓક્ટોબર,ડીસેમ્બર અને જાન્યુઆરી માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામાયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

- અગાઉ પરિપત્ર નં.૧૨૧ તા.૧૧-૦૨-૨૦૨૧થી **<u>ફેબ્રુઆરી માસ તા.૨૫-૦૨-૨૦૨૧થી તા.૨૭-૦૨-૨૦૨૧ દરમ્યાન યોજવા જણાવેલ હતું. તેને બદલે હવે માર્ચ માસમાં તા.૦૨-૦૩-૨૦૨૧ થી તા.૦૪-૦૩-૨૦૨૧ દરમ્યાન યોજવાની રહેશે.</u>**
- ધો.૬ થી ૮ ના બાળકોનું ઓફલાઈન શિક્ષણકાર્ય શાળાકક્ષાએ શરૂ થઈ ગયેલ છે. આથી ધો.૬ થી ૮માં સામાયિક મૂલ્યાંકન કસોટીઓ વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષની જેમ રાબેતા મુજબ શાળામાં આપવાની રહેશે.
- ધો.૩ થી ૫માં શાળામાં ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ થયેલ ન હોવાથી આ વર્ષની જેમ રાબેતા મુજબ વિદ્યાર્થીઓ કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીઓ આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુકત અને તણાવમુકત વાતાવરણ આપે તે ઈચ્છનીય છે.
- તા.૦૧-૦૩-૨૦૨૧ સુધીમાં ધો.૩ થી ૫ ના વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૦૧-૦૩-૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gv.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટીઓ જે-તે વિષયના પાઠયપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- હિન્દી અને અંગ્રેજી માધ્યમ ધોરણ ૩ માં પ્રથમભાષા અને ગણિત એમ બે જ વિષયની કસોટીઓ યોજવામાં આવશે. આથી સદર બંને માધયમોમાં ધોરણ ૩ ગુજરાતી (દ્વિતીયભાષા)ની કસોટી આ વખતે યોજવાની રહેશે નહી.
- ધો.૩ થી ૫ માટે કસોટીની ઉત્તરવહીઓ તા.૧૨-૦૩-૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- સદર કસોટી અંગેની અગાઉના પરિપત્ર નં.૧૨૧ તા.૧૧-૦૨-૨૦૨૧થી આપવામાં આવેલ બાકીની સૂચનાઓ યથાવત રહેશે.

તા.૨૩-૦૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી